# <u>ભાડાના વાહનોની શરતો અંગેનો કરાર</u>

૧) આ ભાડાના વાહનો અંગેનો કરાર આજ તા. ...../...../૧૭ થી એક વર્ષ માટે આપવાનો રહે છે પરંતુ મેનેજમેન્ટ ઘ્વારા પ્રથમ ત્રણ માસના ટ્રાયલ બેઈઝ પર આપવાનું નકકી થતાં આજ તા. ...../...../૧૭ થી અમલમાં આવે તે રીતે ત્રણ માસ માટે કરાર કરેલ છે. ત્યાર બાદ મુદત વધારવી કે કેમ? તે અંગેનો હકક મેનેજમેન્ટ પાસે અબાધિત રહેશે. જો કંપની ઈચ્છે તો આ કરાર વધારે મુદત માટે આજ શરતોને આધિન વધારી કે ઘટાડી શકવાની સત્તા ધરાવે છે.

૨) આ કરાર તા. ...../...../૧૭ થી તા. ...../...../૧૭ સુધી ત્રણ માસની મુદત માટે કરવામાં આવે છે. અર્થાત ભાડાના વાહનો ચાલુ કરવાનો લેખિત હુકમ આપવામાં આવે ત્યારથી ત્રણ માસનાં સમયગાળોનો ગણાશે. જો કોન્ટ્રાકટરને મેનેજમેન્ટ ઘ્વારા કોન્ટ્રાકટનો સમય લંબાવવા અંગેની કોઈ પણ લેખિત જાણ કરવામાં ન આવે તો કોન્ટ્રાકટનો સમય પુરો થયે કોન્ટ્રાકટનો આપો આપ અંત આવશે. આ કરાર ટેન્ડર કવોટેશન, નેગોશીએશન તેમજ સામેલ પત્રો તેમજ કરારની તમામ શરતો–નિયમોને આધિન કરવામાં આવેલ છે. તેમના ભંગ બદલ મેનેજમેન્ટ જરૂર જણાય તો કોઈ પણ જાતનાં કારણો આપ્યા વગર વધુમાં વધુ પંદર દિવસની અને ઓછામાં ઓછી ૨૪ કલાકની લેખિત નોટીસ આપી કરાર રદ કરવાની સત્તા ધરાવે છે.

૩) **ભાડાના વાહનોના ભાવો**

આપના ધ્વારા રજુ થયેલા તા. .................. ના પત્ર મુજબ ભાવનગર ખાતેનાં વાહન ભાડાના નીચે મુજબની વિગતના ભાવો અમો મંજુર રાખી આપને આ કોન્ટ્રાકટ આપીએ છીએ.

**અ) ઈન્ડીગો/ડીઝાયર/સમકક્ષ એસી ( ૩ વાહન )**

૧) ભાવનગર કે અન્ય સ્થળ માટે દર મહીનાના મીનીમમ ફીકસ લેખે ૧૫૦૦ કી.મી. ના (૨૪ કલાક ડયુટી) કુલ ભાવ રૂા. .............../– (અંકે રૂપિયા ........................... પુરા) આપવામાં આવશે. વધારાનાં કિ.મી. નો ભાવ રૂા. ...........કિ.મી. દીઠ રહેશે.

૪) ટેન્ડર ફોર્મ સાથે કોન્ટ્રાકટરે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) અર્નેસ્ટ ડીપોઝીટ તરીકે કંપનીમાં જમા કરાવેલ છે તે રકમ આ કરારની સીકયુરીટી ડીપોઝીટ તરીકે આપોઆપ તબદીલ થઈ જાય છે.

૫) ટી.ડી.એસ., જી.એસ.ટી. અંગેનું રીર્ટન વગેરે કોન્ટ્રાકટરના શીરે અને જોખમે રહેશે અને દર બીલમાંથી વખતોવખત રકમ કપાત કર્યા બાદ બાકી રકમનું ચુકવણું કરવામાં આવશે. સરકારનાીન્ય્મ પ્રમાણે જી.એસ.ટી. ની રકમની જવાબદારી વાહન માલીકની રહેશે. કંપની નિયમ મુજબ કપાત કરશે.

૬) કોન્ટ્રાકટરના તમામ ભાડાના વાહનોની તમામ પ્રકારની જેવી કે અકસ્માત, વળતર, ફુલ વિમો, ગાડી પાસીગ, આર.ટી.ઓ. ટેક્ષ તેમજ વાહનો અંગેના કોઈ પણ ભરવાપાત્ર વેરા કે કરવેરા કાયદાકીય જવાબદારી પોલીસ કેસો વગેરે તમામ જાતની વાહનની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે અને જોખમે રહેશે.

૭) ભાડે મુકેલા વાહનોમાં કોઈપણ જાતની ગેરકાનુની પ્રતિબંધિત માલસામાન કે પ્રવૃત્તિ કરતા માલુમ પડશે તો તે વાહન કોન્ટ્રાકટરની જવાબદારી ગણાશે જે અંગે કંપની કોઈપણ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર રહેશે નહી.

૮) કોન્ટ્રાકટમાં દર્શાવેલ શરતો–નિયમો હાલનાં સંજોગોને લક્ષમાં લઈને બનાવેલ છે. જયારે જયારે જે તે પરિસ્થિતિમાં આ શરતો–નિયમોમાં ફેરફાર કરવાની સત્તા મેનેજમેન્ટ ધરાવે છે.

૯) વાહન ચાલક, કલીનર કે આ કરારને લાગુ પડતા કર્મચારીઓ કે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરારમાં આવતા હોય તેઓની કોઈ પણ પ્રકારની કાયદાકીય કે અન્ય તમામ પ્રકારની જવાબદારીથી કંપની અલીપ્ત છે. જે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરના શીરે અને જોખમે રહેશે.

૧૦ ભાડાના ચાલતા વાહનોની તમામ ચેકીગ તેમજ કંડીશન અંગે જવાબદાર અધિકારીના સુચનો હુકમોને માન્ય ગણી અમલ કરવાનો રહેશે.

૧૧) ભાડાના વાહનો આવતા કે જતાં કોઈ પણ રીતે તેમાં કંપનીનાં માણસો સીવાય બેસાડી શકાશે નહી તેમ છતાં જો બેસાડાશે તો તેની જવાબદારી વાહનોના કોન્ટ્રાકટરની રહેશે અને તેની સામે કરાર ભંગ મુજબની કાર્યવાહી કરી કરાર રદ કરી સીકયુરીટી ડીપોઝીટ રદ કરવા સુધીની સત્તા મેનેજમેન્ટ કે તેમના વતી નીમેલા અધિકારી ધરાવે છે.

૧૨) ભાડે મુકવામાં આવનાર વાહનો ટીપટોપ કંડીશનમાં હોવા જોઈએ.

૧૩) વાહનોના તમામ કાગળો જેવા કે ફુલ વિમો, આર.ટી.ઓ., ડ્રાઈવર લાયસંસ, બેઝ, ટેક્ષી પાસીંગ તેમજ તેમને લગતા જરૂરી તમામ આધાર પુરાવા ટેન્ડર કોપી સાથે રજુ કરવાના રહેશે.

૧૪) ભાડે મુકેલ વાહનો ભાવનગર યાર્ડ તેમજ અન્ય સ્થળે કે જરૂરીયાત મુજબ કોઈ પણ વાહનો બહાર રાજુલા, મહુવા, વિકટર, ભાવનગર, ચાંચ કે અન્ય સ્થળે આવવા જવા માટે રહેશે અને ર૪ કલાકના રાત્રી રોકાણ સાથે યાર્ડમાં કે અધિકારી જણાવે ત્યાં જ રાખવાના રહેશે.

૧૫) ભાડે આપનાર વાહનોને જરૂર પડયે ગમે તે જગ્યાએ ગમે તે સમયે ઉપયોગમાં લઈ શકાશે.

૧૬) કોઈપણ વાહનોને કંપની ડીઝલ, નાણાકીય સહાય કે એડવાન્સ કોઈ પણ સંજોગમાં આપશે નહી. આ અંગેની તમામ વ્યવસ્થા વાહન માલિકના શીરે અને જોખમે રહેશે. રાત્રી રોકાણનાં સમયે ડ્રાઈવર નો તેમજ ગાડીનો કોઈ પણ ચાર્જ અલગથી આપવામાં આવશે નહી. ડ્રાઈવરની જમવા તેમજ રહેવાની સગવડતા કોન્ટ્રાકટરે કરવાની રહેશે.

૧૭) કોઈપણ વાહનો ટેકનીકલ ખામી, ડ્રાઈવર, ડીઝલ, પેટ્રોલ કે કોઈપણ રીતે બંધ રહેશે તો તે દિવસના કલાકો કે કીલોમીટર કપાત કરી નાંખવામાં આવશે. વાહન બંધ રહેશે તે દરમ્યાન બીજા વાહનની વ્યવસ્થા વાહન માલીકે કરવાની રહેશે.

૧૮) આ કરાર વાહનોનાં સફળ કોન્ટ્રાકટર સાથે ૧ વર્ષ માટેનો કરવામાં આવશે.

૧૯) ભાડે વાહનો ફીકસ તેમજ કી.મી.ના હિસાબે ભાડે લેવામાં આવે છે, જેમાં ડ્રાઈવર, રોકાણ ચાર્જ, ડીઝલ, પેટ્રોલ, મરામત કે કોઈ પણ જાતની આ અંગેની જવાબદારી કંપની લેશે નહી. આ અંગેની તમામ વ્યવસ્થા વાહન માલિકના શીરે અને જોખમે રહેશે. ભાવનગર બહાર જતા સમયે ડ્રાઈવરની જમવાની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. સાથે ગયેલ અધિકારી/કર્મચારી ની પાસે જમવા તથા રહેવાનાં પૈસા ડ્રાઈવરે માંગવા નહી તેમજ અધિકારી/કર્મચારી ની સાથે જમવા બેસવુ નહી તેવી કડક સુચના ડ્રાઈવરને આપવાની રહેશે.

૨૦) આ કરારમાં રજુ થયેલા ભાવો મીનીમમ ફીકસ દરે તમામ રજાઓ સાથે દર માસનાં નકકી થયેલા કીલોમીટરના દરથી આપવામાં આવશે. જેમાં ડ્રાઈવર, રોકાણ ચાર્જ (રાત્રી), ડીઝલ, પેટ્રોલ, મરામત, ફુલ વિમો, તમામ વેરાઓ અને ટેક્ષીની સંપુર્ણ જવાબદારી સાથેના ભાવ છે. ટોલ ટેક્ષ તેમજ પાર્કીગ નો ચાર્જ પણ વાહન માલીકે ભોગવાનો રહેશે.

૨૧) ફીકસ કીલોમીટર કરતા વધારે ટેક્ષી ચાલે તો તેને દર કીલોમીટર દીઠના મંજુર થયેલા ભાવ મુજબ બાકીના કીલોમીટરનું ચુકવણુ કરવામાં આવશે.

૨૨) ભાડે વાહન ચાલનાર વાહનના ડ્રાઈવરની રહેવા, જમવાની વ્યવસ્થા વાહન માલિકે કરવાની રહેશે.

૨૩) ભાડે ચાલતા કોઈ પણ ભાડાના વાહનોમાં કંપનીનાં માણસો વત્તા માલસામાન સાથે આવન જાવન કરી શકશે જેમાં કોઈ પણ વાંધો લઈ શકાશે નહી તેમજ કોઈ પણ વધારાનો ચાર્જ પણ આપવામાં આવશે નહી.

૨૪) કોઈ પણ ડ્રાઈવર કંપનીના કર્મચારી, અધિકારી સાથે અસભ્ય કે ગેરવર્તણુક કરશે તો તેને અયોગ્ય ગણી તેને સ્થળ પર ઉતારી બીજા ડ્રાઈવરની વ્યવસ્થા વાહન માલિકે કરવાની રહેશે. જો વાહન માલિક આવી વ્યવસ્થા નહી કરી શકે તો કંપની ધ્વારા વાહન વ્યવસ્થા કરી લેવામાં આવશે અને ભાડાની તમામ રકમ વાહન માલિકના બીલમાંથી કાપી લેવામાં આવશે અને બાકીનું ચુકવણુ કરવામાં આવશે.

૨૫) બીલના નાણા દર મહિને બીલ મુકયાથી ચેક કે ડ્રાફ્ટ ધ્વારા ચુકવવામાં આવશે. રોકડ રકમ આપવામાં આવશે નહી. બીલ ને ચુકવવા જે તે માસનું બીલ હશે તેનાં પછીનાં મહીનાની ૭ તારીખ સુધીમાં ચુકવણું કરવામાં આવશે (દા.ત. જાન્યુઆરી માસનું બિલ ફેબ્રુવારી માં મુકવાનું થશે અને માર્ચ મહીનાની ૭ તારીખ સુધીમાં ચુકવણું થશે).

૨૬) કંપનીમાં જેટલા વાહનોની જરૂરીયાત છે તે મુજબ જ આ ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. વાહન વધારા/ઘટાડાની જરૂરીયાત અંગે કંપની સ્વતંત્ર છે. તેમાં માન્ય પાર્ટી ધ્વારા કોઈ તકરાર ચાલશે નહી. માન્ય પાર્ટી તેમણે ભરેલા ભાવો મુજબ કંપની માંગે તો વધારે વાહન પુરા પાડવા જણાવશે. તે આ અંગેનો કોઈ પણ નિર્ણય લઈ શકશે.

૨૭) ભાડાના વાહનો ૨૪ કલાકની ડયુટી સાથે રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ગમે તે સમયે થઈ શકશે. રવિવાર તેમજ જાહેર રજાના દિવસે વાહનની જરૂર પડે વાહનની વ્યવસ્થા કરવાની રહેશે. વાહન જે તે અધિકારીને ફાળવેલ તે અધિકારી રજાપર હોય અથવા કંપની નાં કામસર બહારગામ હોય ત્યારે વાહન અત્રે કચેરી એ રાખવાની રહેશે ટેક્ષીને અકસ્માતના કે અન્ય કારણે અન્ય સ્થળ સુધી આવનજાવન કરવુ પડશે તેનો નિયત ભાવ સિવાયનો કોઈ પણ જાતનો વધારાનો ભાવ આપવામાં આવશે નહી. આ ટેક્ષીના ગમે તેટલા ફેરા થાય તેમાં કોઈ વિવાદ ચાલશે નહી તેમજ આ ટેક્ષીમાં શકય તેટલા માણસો વત્તા વજન વહન કરવું પડશે.

૨૮) વાહન કોન્ટ્રાકટરે પોતાની ટેક્ષી ડ્રાઈવર સિવાય કોઈ પણને ચલાવવા માટે આપવાની રહેશે નહી તેમ છતાં જો આપશે તો તેમાં કંપનીની કોઈ જવાબદારી રહેશે નહી. અનિવાર્ય સંજોગો સિવાય કંપનીના કોઈ પણ માણસને ટેક્ષી ચલાવવા આપી શકાશે નહી અન્યથા તે દિવસ ટેક્ષી ચાલી નથી તેમ ગણી હિસાબમાંથી કપાત કરવામાં આવશે.

૨૯) ભાડાના વાહનોનો ઉપયોગ જરૂર જણાય ત્યારે ગમે તે સમયે અને રસ્તે કરી શકાશે. રફ રોડ તેમજ પાકા રોડ ઉપર બંને પર ચાલવુ પડશે તેમાં કોઈ વિવાદ ચાલશે નહી.

૩૦) ભાડાના વાહનોને જયારે જયારે વર્દી મળે ત્યારે નિયત અધિકારીના હુકમનું પાલન કરવાનું રહેશે અને અચુક રોજે રોજની વર્દી ફોન ધ્વારા કે રૂબરૂ લઈ જવાની રહેશે. જો તેમાં ભંગ થશે અને વર્દી રખડી પડશે તો તે માટે ડ્રાઈવર જવાબદાર ગણાશે અને તે દિવસની રકમ બીલમાંથી કપાત થશે.

૩૧) વાહન કોન્ટ્રાકટરે પોતાની ટેક્ષી, ડ્રાઈવર, માલિકના તમામ કાગળો જેવા કે ફુલ વિમો, આર.ટી.ઓ., ડ્રાઈવર લાયસંસ, બેઝ, ટેક્ષી પાસીગ તેમજ તેમને લગતા જરૂરી તમામ આધાર પુરાવાની અસલ નકલ કોન્ટ્રાકટ કરતા પહેલા બતાવવાની રહેશે અને દરેકની માન્ય ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.

૩૨) ભાડે મુકનારા વાહનો ૩ વર્ષથી જુના મોડલનાં ન હોવા જોઈએ. કોઈપણ સંજોગોમાં ૩ વર્ષથી જુના વાહન ચલાવવામાં આવશે નહી.

૩૩) ભાડે મુકેલા વાહનોનો હિસાબ કીલોમીટર ઉપર હોય તેમનું બીલ ગાડીના મીટર રીડીગ ઉપર આધારીત છે. ગાડીના મીટરો બરોબર ચાલુ હોવા જરૂરી છે અન્યથા બંધ મીટરમાં જવાબદાર અધિકારી જે હિસાબ કરે તે માન્ય રાખવો પડશે. બંને ગાડીઓની લોગ બુક તૈયાર રાખી તે મુજબ તેમાં દરેક કી.મી. ની નોંધ હોવી જોઈએ અને તે મહીનાની આખરે તેની ઝેરોક્ષ બીલ સાથે સામેલ રાખી મુકવાની રહેશે. આ ઝેરોક્ષમાં અધુરી વિગતો હશે તો તેના પેમેન્ટ કરી શકાશે નહી. લોગ બુકમાં વિગતો ભરાવી સહી કરાવવાની જવાબદારી વાહન કોન્ટ્રાકટરની રહેશે.

૩૪) ભાડે મુકેલા વાહનો ભાવનગર ખાતેના મેનેજર ( એચ.આર.) ના કંટ્રોલમાં રહેશે. તેમના ધ્વારા જ આ અંગેનો વહીવટ કરવામાં આવશે. દર મહીનાના આ અંગેના બીલો તેમજ લોગબુકને ચેક કર્યા બાદ તેમની સહીથી હેડ ઓફીસ તરફ આગળની કાર્યવાહી માટે રજુ થશે જેથી દર મહીનાની તા. ૧ થી ૫ સુધીમાં બીલો રજુ કરવા. જો બીલો મોડા મુકવામાં આવશે તો બીલમાં મોડુ થશે જેથી સમયસર બીલો મુકી દેવા જણાવવામાં આવે છે.

૩૫) ભાડાના વાહનો ફકત કંપનીના જ કામ અંગે ઉપયોગમાં લઈ શકાશે. કોઈ પણ વ્યકિત કે અધિકારી પોતાના અંગત કામ સબબ ઉપયોગ કરી શકશે નહી. જો અંગત ઉપયોગ થયેલ જણાશે તો તેના બીલના નાણા કંપની ચુકવશે નહી અને તે દિવસે ગાડી બંધ ગણી તેના પૈસા બીલમાંથી કાપી લેવામાં આવશે.

૩૬) ભાડાના વાહનો  આવન જાવન સમયે વાહન ગેટ પાસમાં જવાબદાર અધિકારીની સહીથી બહાર જશે અને આ સુચનાનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

૩૭) ભાડાના વાહનોનો તમામ ઉપયોગ અંગેની માહિતી મેનેજર (એચ.આર.)  ધ્વારા આપવામાં આવશે. આ વાહનો તેમના તમામ કંટ્રોલથી ચાલશે જેથી તેની સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૩૮) <u>સીકયુરીટી ડીપોઝીટ કેવા સંજોગોમાં રદ થશે.</u>

જો વાહન કોન્ટ્રાકટર પોતાની સર્વિસમાં સામેલ કોન્ટ્રાકટના નિયમોનો ભંગ કરશે, બેદરકારી, અનિયમીતતા, ભંગાર વાહનોની સર્વિસ, ડ્રાઈવર કલીનરનું અસભ્ય કે જવાબદારી વગરનું વર્તન, કંપનીના માલ સામાનને નુકશાન કરે, ઉપરી અધિકારીઓના ઓર્ડરનું ઉલંઘન કરે કે પૈસા કે અન્ય બાબતે ગેરરીતી આચરે, અવારનવાર ગેરહાજરી કે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કંપનીના ઉત્પાદકીય ક્રીયામાં ખલેલ ઉભી થાય તેવુ કૃત્ય કરે તેવા સંજોગોમાં આ સીકયુરીટી ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦/– રદ કરી નાંખવાની સત્તા કંપનીની રહેશે.

૩૯) આ સાથે આ કંપની સાથેના કરાર મુજબ સીકયુરીટી ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) અમારી પહોંચ નંબર ............... તા. ............ થી અમોએ આ સાથે સ્વીકારી છે જે હવેથી કોન્ટ્રાકટ પુરો ન થાય ત્યાં સુધી સીકયુરીટી ડીપોઝીટ તરીકે કંપનીમાં જમા રહેશે.  ઓરીજનલ પહોંચ આપની પાસે જ રહેશે.  કોન્ટ્રાકટ દરમ્યાન ઉપરોકત શરતો અને નિયમોને આધિન સફળ કોન્ટ્રાકટર હશે અને કોઈ પણ વિવાદ ન થયો હોય તો આ સીકયુરીટી ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે.

| | |
|---|---|
| **કોન્ટ્રાકટ આપનાર અધિકારીની સહી** | **કોન્ટ્રાકટરની સહી, સીકકા અને સરનામુ** |